જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૧/૨૦૧૭ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૧૮૫/૧૭

## શહેરકોટડા વિસ્તારમાં બાઇકચાલકો પાસેના બેગ કે પર્સ ની લુંટ કરતી ગેંગના એક ઇસમ ને લુંટ કરેલ રોકડા રૂ.૨૫,૦૦૦/- તથા લુંટ કરવા માટે ઉપયોગ મા લેતા પલ્સર મો.સા. સાથે ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ,

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં સંયુકત પોલીસ કમિશ્નરશ્રી જે.કે.ભટ્ટ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી દીપન ભદ્રન તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ડો. રાજદિપસિંહ ઝાલા નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં બનતાં લુટ ધાડનાં મિલકત સંબંધી તથા ફોરવ્હીલ ગાડીઓ માંથી સામાન ચોરી કરવાના ગુન્હાઓને શોધી કાઢવા સારૂ તથા અટકાવવા સારૂ, તેમજ વોન્ટેડ આરોપીઓને શોધી કાઢવા સારૂ ક્રાઇમ બ્રાંચના અધિકારીઓને સુચના આપેલ. જે અનુસધાને ક્રાઇમ બ્રાંચના પોલીસ ઇન્સ્પેકટર શ્રી વી.બી.બારડ, તથા પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રી એન.આર.મકવાણા તથા સ્ટાફનાં માણસો સાથે આજરોજ અમદાવાદ શહેરમાં પેટ્રોલીગમાં હતાં. તે દરમ્યાન મળેલ બાતમી હકિકત આધારે, નરોડા રોડ, જી.ડી.હાઇસ્કુલ રોકડીયા હનુમાન ત્રણ રસ્તા પાસેથી આરોપી ચેતન ઉર્ફે ચીંટુ S/O વિજયભાઇ જાતે ઘમંડે(છારા) (ઉ.વ.૨૯) (રહે.નવખોલી, છારાનગર, કુબેરનગર)નાને લુંટના રોકડા રૂ.૨૫,૦૦૦/- તથા ગુન્હા કરવા સારુ ઉપયોગમા લેતા પલ્સર મો.સા. કિં.રૂ.૫૦,૦૦૦/- સાથે આજરોજ તા.૨૭/૧/૨૦૧૭ ના રોજ ઝડપી પાડેલ છે.

### આરોપીનો ગુનાહીત ઇતિહાસ:-

પકડાયેલ આરોપી સને ૨૦૦૯ મા એલીસબ્રિજ પોલીસ સ્ટેશનમા ફોરવ્હીલ ગાડીઓના કાચતોડી લેપટોપ તથા બેગની ચોરી કરવાના કેસમાં પકડાયેલ છે તથા સને ૨૦૧૦ મા ક્રાઇમબ્રાન્ચ અમદાવાદ શહેરમા ફોરવ્હીલ ગાડીના કાચતોડી સામાન ચોરી કરવાના કેસમા પકડાયેલ જેમા વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન તથા અડાલજ પોલીસ સ્ટેશનમા સોપવામા આવેલ બાદ સને ૨૦૧૨ મા શાહીબાગ પોલીસ સ્ટેશન મા ફોરવ્હીલ ગાડીઓના કાચ તોડી લેપટોપ બેગ ચોરી કરવાના કેસમા પકડાયેલ છે. તથા ચાર પાંચ વર્ષ પહેલા દેશીદારુના કેસોમા મેઘાણીનગર પોલીસ સ્ટેશનમા પકડાયેલ છે જે કેસો મા નવસારી જીલ્લા જેલમા પાસા અટકાયત થયેલ છે.

**(૧) શહેરકોટડા પોલીસ સ્ટેશન I-ગુ.ર.નં.૧૦/૨૦૧૭ ઇપીકો કલમ ૩૯૨,૧૧૪ મુજબ** પકડાયેલ આરોપીએ છ થી સાત દિવસ પહેલા નોબલ નગર ઘાંચીનગર મા રહેતા પોતાના મિત્ર સુશીલ ગારંગે મળી પલ્સર મો.સા લઇને બાપુનગર પુષ્પરાજ એસ્ટેટ પાસે રોડ ઉપર એક એકટીવા ચાલક ની પાસે જઇ તમારી કોઇ વસ્તુ પડી ગઇ છે તેમ કહી એકટીવા ચાલકે પાછળ જોતા તેનુ રોકડા રૂ.૫૬,૦૦૦/- ભરેલ પાકીટ છીનવી લીધેલ અને પલ્સર મો.સા પુરઝડપે ચલાવી ને નાસી ગયેલ.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

(૨) **શહેરકોટડા પોલીસ સ્ટેશન I-ગુ.ર.નં.૧૭/૨૦૧૭ ઇપીકો કલમ ૩૯૨,૧૧૪ મુજબ** ઉપરોકત લુંટ કર્યાના એકાદ અઠવાડિયા પહેલા તેના સાગરીત સુશીલ ગારંગે સાથે મળી બાપુનગર ડી માર્ટ ની બાજુમાંથી જતા રોડ ઉપર થઇને અનિલ સ્ટાર્ચ મીલની પાછળ ના રોડ ઉપર એક મો.સા. ચાલકને આંતરી તેની મો.સા મા સ્ટેરીંગ પાસે લટકાવેલ રૂ.૪૯,૦૦૦/- જેટલા રૂપિયા ભરેલ પ્લાસ્ટિક ની થેલી લુંટ કરી નાસી ગયેલ.

આમ **શહેરકોટડા પોલીસ સ્ટેશન I-ગુ.ર.નં.૧૦/૨૦૧૭ ઇપીકો કલમ ૩૯૨,૧૧૪ તથા શહેરકોટડા પોલીસ સ્ટેશન I-ગુ.ર.નં.૧૭/૨૦૧૭ ઇપીકો કલમ ૩૯૨,૧૧૪** મુજબના લુંટ ના કુલ્લે બે અનડીટેકટ ગુન્હાઓ શોધી કાઢવામા આવેલ છે. તેમજ પકડાયેલ આરોપીને શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે સોંપવા સારુ તજવીજ કરવામા આવેલ છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)